**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 1, Jan – 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/01/2021 Accepted on : 17/01/2021 Publication Date: 31/01/2021

# પ્રશિષ્ટ કૃતિનો આસ્વાદ 'મળેલા જીવ"

**રાઠોડ ચેતનભાઈ ઈસરાભાઈ**
પી.એચ.ડી - વિદ્યાર્થી, ગુજરાતી વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
Email - rc4055420@gmail.com

ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ પટેલ નવલકથા ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. તેમની પ્રથમ નવલકથા " વળામણાં" છે અને ધીમે ધીમે અવિસ્મરણીય નવલકથાઓ તેમને આપી છે. અહીં મળેલા જીવ કૃતિ અને નવલકથાઓમાં કઈ રીતે પ્રશિષ્ટ કૃતિ ગણવામાં આવી છે. તે પ્રસ્તુત સંશોધનમાં આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે,તે વખતે સમાજની રહેણી, આચાર-વિચાર, સમાજના રિવાજો, રૂઢિચુસ્તતા, જ્ઞાતિપ્રથાના બંધનો, ઊંચનીચના ભેદભાવ કેવા જોવા મળતા હતા તે તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

મળેલા જીવ નવલકથા માં એક આગવું સ્થાન ધરાવતી નામની નવલકથા છે ઘણો જ ઓછા સમયમાં આ નવલકથાની રચના કરી છે .ઓછા સમયમાં પૂર્ણ થયેલી હોવા છતાંય આ નવલકથા ખૂબ સફળ અને લોકપ્રિય બની છે,વળામણાં નવલકથામાં જેમ ગ્રામીણ સમુદાયનું નિરૂપણ કર્યું છે તેવી જ રીતે પન્નાલાલ અહીંયા ગામડાની કેન્દ્રમાં રાખીને તેમના રિવાજો, આચાર-વિચાર અને સામાજિક પ્રસંગો ,મેળાઓ વગેરેનું નિરૂપણ પોતાની આગવી શૈલીમાં કર્યું છે, તેથી ગુજરાતી સાહિત્યની અનેક કૃતિઓમાં આ નવલકથા આવી ઓળખ ધરાવે છે.

આ નવલકથામાં પણ એ દુઃખ નિરૂપણ કર્યું છે. એટલે તે વેદનાપ્રણયની કથા છે. આ નવલકથામાં ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ કાનજી અને જીવી વચ્ચેના પ્રણયનું નિરૂપણ કર્યું છે. અહીંયા સમાજમાં ચાલતા ઊંચનીચના ભેદભાવ સ્પષ્ટ બતાવવા માટે પન્નાલાલે બે પાત્રો કાનજી અને જીવીને આલેખીને ક્રુર સમાજની રૂઢિચુસ્તતાનો ઉલ્લેખ કર્યો છે. કાનજી અને જીવીનો વાંક માત્ર એટલો જ હોય છે કે તેઓ જુદી જુદી જ્ઞાતિમાં જન્મ્યા છે. અને તેથી બંને પાત્રો એકબીજાને ચાહતા હોવા છતાં સમાજના બંધનો,ઊંચનીચના ભેદભાવનાકારણે અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે અને સમાજ દ્વારા બંને પાત્રોના પ્રણયને ન્યાય મળતું નથી જેના પરિણામે આ બન્ને પાત્રો વચ્ચે અઢળક પ્રેમ સંબંધ હોવા છતાય વેદનાની ભઠ્ઠીમાં સતત બન્ને શેકાતા રહેવું પડે છે. તે સમાજના ઘણા બધા પ્રત્યાઘાતો સહન કરે છે એટલે ગુજરાતી સાહિત્યમાં કાનજી જીવી અમર પાત્ર બને છે.

જીવી જે સમાજમાંથી આવે છે. તે સમાજમાં જાણે કાળા અક્ષર ભેંસ બરાબર એટલે કે શિક્ષણનું ઘણો જ અભાવ જોવા મળે છે. અને સમાજના લોકો પોતાની દુનિયામાં જ રહેતા હતા બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે. તેનો ખ્યાલ જ નથી અહીંયા પન્નાલાલ ગ્રામીણ સમુદાયમાં શિક્ષણનું સ્તરશું છે? તે પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. પુરુષો માત્ર ખેતીકામ જ કરતા હતા.ઢોર ઢાંખરને પાણી પીવું, ખેતરમાં હળ ફેરવો, વાવણી કરવી, કાપણી કરવી, ખેતરના રખોપા કરવા અને એક ખેતરમાંથી બીજા ખેતરમાં જઈ હુક્કો પીવો અને ચા પાણી પીવા તે દિનચર્યા હતી

સ્ત્રીઓને પણ પાણી ભરવું,વાંસીદુ કાઢવું, મકાઈ દેવી, રસોઈ કરવી અને નવરાશની પળોમાં ખેતીકામમાં મદદ કરવી એ તેમનું મુખ્ય વ્યવસાય હતું આમ બહારથી શુષ્ક લાગતા ગ્રામીણ સમાજમાં ઉચ્ચ હોદ્દો ધરાવનાર વ્યક્તિ દ્વારા વારંવાર ગરીબોનું શોષણ થતું હતું. અહીંયા પન્નાલાલે અમીરોની નજરમાં ગરીબોનું સ્થાન શું હતું તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

લોકો ઘણા ઉત્સવપ્રિય તા જુદા જુદા પ્રસંગોને સમય ગામમાં મેળો ભરાતા હતા, ઉત્સવો ઊજવાતા અને ગમે તેટલું કામ હોય તો તે પણ નેવે મૂકીને તેઓ આવા પ્રસંગોનો લાવો માણતા હતા અઢી શેર ના વજન વાળા નાળ જડેલા જોડા, ઘૂંટણ સુધીનો ધોતિયું, રંગીન ખમીસ પર સફેદ કોટ અને માથે ગુલાબના ગોટાવાળું લાલ સોફો અને હાથમાં પાવ લઇ નીકળી પડતા. તો સ્ત્રીઓ પણ જુદી જુદી ભાતનો ઘાઘરો પહેરી,તાણીને બાંધેલી કપડાની કસોના મોતી ભર્યા ગોટા અને માથે રંગીન ઓઢણી ઓઢી મેળો મહાલવા ગીતો ગાતી નીકળી પડતી. અહીંયા પણ આલય ગ્રામીણ સંસ્કૃતિનુંચિત્ર આપીભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા છે.

"મળેલા જીવ" કૃતિમાં પન્નાલાલને ધર્મને પણ સ્થાન આપ્યું છે. આસ્થા, લોકસંસ્કૃતિ, ગીતો, દુહા, ભજનો,હૂડાની રમઝટ બતાવી સાહિત્યને ચિરંજીવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જૂની સંસ્કૃતિમાં રહેલી વિવિધતા અને મર્યાદાઓ બન્નેનો પન્નાલાલ નિરુપણ

કર્યો છે. ગામમાં જ્યારે ચોપટ રમતા તે પ્રસંગે હુક્કો તાણવા ઘણા લોકો ભેગા થતા હતા. નશીલા પદાર્થમાં અફિણ અને કસુંબાની રમ છો રમઝટ જામતી સારા પ્રસંગ હોય કે પહેલો વરસાદ તેઓ મુખીના ઘરે ભેગા થતા હતા. આમ ઉત્સવ પ્રસંગે આનંદ માણતા હતા તો દુઃખના પ્રસંગે રડી પણ લેતા આવું માનવ મેળાનું આ નવલકથામાં આલેખન કરવામાં આવ્યો છે. ગામ સવારે ઘંટી અને નાદથી ગાજી ઉઠતુ. ગામના સીમાડામાં ગાયો અને બળદોની ડોકે બાંધેલા ઘૂઘરાના ઘેરા રણકારથી આખી સિમ જાણે ગાજી ઉઠતી હોય તેવો અનુભવ કરાવ્યો છે. આ નવલકથામાં સમાજમાં શિક્ષણનો અભાવ હતો અન્ય પ્રદેશ સમુદાયના લોકો સાથે અવરજવર ઓછી હતી. પરિણામે જાગૃતિનો અભાવ હતો તેથી લોકો વહેમ, અંધશ્રદ્ધા, ડાકલા, ભુવા અને જંતરમંતર માં વધુ આસ્થા ધરાવતા હતા. ગામમાં મોટીછેડા દેવનું મંદિર હોય ત્યાં પાંચ વ્યક્તિઓ ધૂણવા માડતા અને લાભ ધુતારા લોકો ઉઠાવતા હતા. કારણ કે ભોળી પ્રજાને માત્ર અંધશ્રદ્ધામાં વિશ્વાસ હતો.

એવું કહેવામાં આવે છે કે “નારી તુ નારાયણી” પરંતુતે સમયનાકુરિવાજો પર દ્રષ્ટિ કરતા નારીનું સ્થાન કોણ હોય તેવું આ નવલકથામાં લાગે છે. સ્ત્રીઓ માત્ર ઘર નું જ કામ કરવાનુંસ્ત્રીઓ અન્યાયનો ભોગ બનતી જોવા મળે છે.તે બાબત સર્વસામાન્ય બતાવવામાં આવી છે. તે સમયે કોઈ સ્ત્રી અન્ય સ્ત્રીનું ઉપરાણું લઇ શકતી નથી.

આ નવલકથામાં બે પાત્રો નું પ્રથમ મિલન મેળામાં કરાવ્યું છે. અને બંને યુગલોના પ્રેમમા ઘણા ચડાવ-ઉતાર આવે છે. અને દુઃખ સહન કરતાં-કરતાં એક પાત્ર નાયકા જીવી હાડપિંજર જેવી બની જાય છે. અને અંતમાં તેને ગામલોકો ભૂતડી તરીકે ઓળખાવે છે. ગામના લોકો તેની પ્રજવે છે. એવું કરુણરસનું નિરૂપણ પણ આ લે આ નવલકથામાં કર્યું છે આ પરિસ્થિતિ જોઈને ભગત બોલી ઊઠે છે અરે ભગવાન એક દન એની નજર પડતા ભલા યુવાનો ભાગ્ય માંગતા તેની સાથે વાતો કરવામાં લાવો ગણતા એની આજ હાદસા ક્યાં જીવ બગડ્યો કે જય પરણાવી અને આજે ક્યાં લઇ જઈને પહોંચાડી આમ મનાલી આ નવલકથામાં સ્ત્રીની વેદના નું સરસ નિરૂપણ કર્યું છે જોગી પર ગામના વૃદ્ધ એકની એક દીકરી આ નવલકથાની નાયિકા છે જેના દ્વારા સ્ત્રી ની કરુણતા દર્શાવી છે.

મેળામાંથી જ્યારે કાનજી ઘરે જાય છે ત્યારે તેને વસવસો લાગ્યા કરે છે.એ સ્વાભાવિક છે તે પારકાને પોતાના બનાવવાની શક્તિ ધરાવતી હતી. ટીખળ, કટાક્ષ, મજા તેના લક્ષણો હતા. અને વાત કરે એટલે જાણે સાક્ષાત સરસ્વતી બોલી રહ્યા હોય એવો અનુભવ થતો કાનજી જીવની રસ્તો બતાવવા જાય છે. ત્યારે બંને પાત્રો વચ્ચે જે મધુર સંવાદ થાય છે તે રમણીય છે.

કાનજી: તમે નાહકના મારી પાછળ આવ્યા

જેવી: વાટ હું કોઈને પણ પૂછી લેત

આમ કાનજી અને જીવીના સંવાદમાં પ્રેમ છલકાય છે. ગામના જુવાનિયા જીવીના વખાણ કરતા થાકતા નથી. તેમાં લેખકની ભાષાશૈલી અને જુદા જુદા રસોની પ્રતિતિ કરવાની કલા જોવા મળે છે,

આમ ગુજરાતી સાહિત્યમાં આજે પણ “મળેલાજીવ” નવલકથા વિશેષ મહત્વ ધરાવે છે. જાનપદી નવલકથામાં અગ્રેસર સ્થાન ધરાવેછે શાળા કોલેજમાં તે અભ્યાસ વસ્તુ તરીકે પણ ઉપયોગમાં લેવાય છે ગુજરાતી નવલકથાકારોમાં પન્નાલાલે “મળેલાજીવ“ કૃતિથકી અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

**સંદર્ભગ્રંથ :**

૧ પટેલ પન્નાલાલ 2016 ; “મળેલાજીવ“ અમદાવાદ, સંજીવની પ્રકાશન.